# "વિવાહ વિધિ અને તેમાં દાનનો મહિમાં"

ડૉ. દિલખુશભાઈ યુ. પટેલ
પ્રિન્સીપાલ
વ.ના.સ.બેન્ક લિ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વડનગર

માનવજીવનને પવિત્ર, સુખમય અને મર્યાદિત બનાવવાના હેતુથી ઋષિ-મુનિઓએ સંસ્કારોનો આવિષ્કાર કર્યો છે. આ સંસ્કારો માત્ર ધાર્મિક કે સામાજિક રીતે જ નહીં પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ આપણા જીવનમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. સંસ્કારનો અર્થ છે – શુદ્ધ કરવું, પવિત્ર કરવું અને સંસ્કરણ કરવું. જેનાથી માણસની લાગણી, રહેણી-કરણી, બુદ્ધિ વગેરે સમાજમાં પ્રકાશે તથા સમાજના હિતલક્ષી અને આધ્યાત્મિક ગુણો વધે એનું નામ જ 'સંસ્કાર'.

ભારતીય સંસ્કૃતિમાં મનુષ્યને રાષ્ટ્ર, સમાજ અને જનજીવન પ્રત્યે જવાબદાર અને કાર્યકુશળ બનાવવામાં જે નિયમ નક્કી કરવામાં આવ્યાં છે. તેને જ સંસ્કાર કહેવામાં આવ્યાં છે. સંસ્કારો દ્વારા જ માનવીય ગુણોમાં વૃદ્ધિ થાય છે. માનવીમાં રહેલાં આંતર ગુણોને પ્રગટ કરવામાં અને તે નિત્ય તે જ સ્થિતિમાં રહે તે માટે સંસ્કાર મહત્ત્વના છે. સંસ્કાર ગુણોને માંજવાનું-પ્રકાશ આપવાનું કામ કરે છે.

સામાન્ય રીતે આપણે વિનય,વિવેક, ઉદારતા,દાનક્રિયા,ક્ષમા,શૌર્ય,પરોપકારની ભાવના- આ બધા ગુણોને માનવીના સંસ્કાર કહીએ છીએ. આ સંસ્કારો સ્મૃતિઓમાં અને ધર્મસૂત્રોમાં નક્કી કરેલાં માનવીનાં જન્મની પહેલાથી લઇને મૃત્યુ પછી સુધીના સંસ્કારમાંથી જ ઉત્પન્ન થાય છે. તેથી જ મનુષ્ય જન્મનું જે લક્ષ્ય ધર્મ,અર્થ,કામ અને મોક્ષ છે. તેને પ્રાપ્ત કરવા માટે સંસ્કાર જરૂરી છે.

સંસ્કારની સંખ્યાની બાબતમાં સ્મૃતિકારોમાં ભિન્નતા છે. ગૌતમસ્મૃતિમાં ચાલીશ સંસ્કારોની વાત છે. તે જ સંસ્કારોને મહર્ષિ અંગિરાએ પચ્ચીસ સંસ્કારોમાં અંતર્ભાવ કર્યો છે. ગૃહ્યસૂત્રોમાં સંસ્કારોની સંખ્યા ૧૧ થી ૧૮ ની છે. જેમકે, આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં ૧૧, પારસ્કર અને બૌદ્ધાયન ગૃહ્યસૂત્રોમાં ૧૩ ની સંખ્યા છે.પરંતુ અહીં અંત્યેષ્ટી સંસ્કારનો ઉલ્લેખ નથી.

વ્યાસ સ્મૃતિ અને મનુસ્મૃતિમાં ૧૬ સંસ્કારોનું વર્ણન છે. ધર્મશાસ્ત્રોમાં પણ ૧૬ સંસ્કારોનો જ ઉલ્લેખ છે. આ સોળ સંસ્કાર જ પ્રચલિત થયેલા છે.

સોળ સંસ્કાર આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. પ્રાગ્જન્મ સંસ્કારઃ | ૧. ગર્ભાધાન સંસ્કાર ૨. પુંસવન સંસ્કાર 3. સીમંતોનયન સંસ્કાર |
| ૨. બાલ્યાવસ્થાના સંસ્કારઃ | ૧. જાતકર્મ સંસ્કાર ૨. નામકરણ સંસ્કાર 3. નિષ્ક્રમણ સંસ્કાર<br>૪. અન્નપ્રાશન સંસ્કાર ૫. ચૂડાકરણ સંસ્કાર 6. કર્ણવેધ સંસ્કાર |
| 3. શિક્ષણને લગતા સંસ્કારઃ | ૧. વિદ્યારંભ સંસ્કાર ૨. ઉપનયન સંસ્કાર 3. વેદારંભ સંસ્કાર<br>૪. કેશાન્ત સંસ્કાર ૫. સમાવર્તન સંસ્કાર |
| ૪. ગૃહસ્થાશ્રમ સંસ્કાર | ૧. વિવાહ સંસ્કાર |
| ૫. મૃત્યુ પછીના સંસ્કાર | ૧. અંત્યેષ્ટી સંસ્કાર |

આ સોળ સંસ્કારોનો મૂળભુત ઉદ્દેશ ચાર પુરૂષાર્થોની પ્રાપ્તિ છે અને તેમાંય મોક્ષ પ્રાપ્તિ છે. આ સાથે નકારાત્મક અને અશુભ શક્તિઓ સામે રક્ષણ મેળવવાનો ઉદ્દેશ પણ છે.

ઉપનયન સંસ્કાર એ બ્રહ્મચર્ય આશ્રમનો મહત્ત્વનો સંસ્કાર છે. તેના પછી વેદ-શાસ્ત્રો આદિ વિદ્યાઓનો આરંભ થાય છે તેમ વિવાહ સંસ્કાર એ ગૃહસ્થાશ્રમમાં શ્રેષ્ઠ સંસ્કાર છે. ધાર્મિક વિધિ અને યજ્ઞ-યાગાદિમાં તેનું વિશેષ મહત્ત્વ છે. વિવાહ સંસ્કાર પાછળનો ઉદ્દેશ આ પ્રમાણે કલ્પી શકાય છે.

૧. ધર્મ અથવા ધાર્મિક કાર્યોની પૂર્તી ૨. પ્રજા અથવા પુત્ર પ્રાપ્તિ ૩. પુરૂષાર્થોની પૂર્તી (ધર્મ,અર્થ,કામ,મોક્ષ)
૪. ઋણોમાંથી મુક્તિ (દેવઋણ, પિતૃઋણ આદિ) ૫. પારિવારિક, સામાજિક કર્તવ્યોનું પાલન અને
૬. વ્યક્તિગત વિકાસ

મનુસ્મૃતિમાં આઠ પ્રકારના વિવાહ કહ્યાં છે.

ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथाऽसुर ।
गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोऽधमः ।। (मनु. ३.२१)

બ્રાહ્મ,દૈવ,આર્ષ,પ્રાજાપત્ય, આસુર,ગાંધર્વ,રાક્ષસ અને પૈશાચ વિવાહ - આ આઠ પ્રકારના વિવાહ છે.

વર્તમાન સમયમાં મોટે ભાગે એરેન્જ મેરેજ અર્થાત્ મા-બાપ દ્વારા પુત્ર અને પુત્રીની પસંદગી પ્રમાણે વિવાહ થાય છે કાં તો લવ મેરેજ કે જેમાં યુવક અને યુવતી એક-બીજાને પસંદ કરે છે અને કદાચ મા-બાપ સંમતિ નહીં આપે તે ડરથી અથવા કેટલાક સંજોગોમાં મા-બાપ દ્વારા સંમતિ ન અપાતા ભાગી જઇને કે કોર્ટમાં રજીસ્ટ્રેશન કરીને કે માત્ર ફુલહાર કરીને સાથે રહે છે.

પ્રથમ પ્રકારમાં વિવાહ વિધિ છે પરંતુ બીજા પ્રકારમાં વિવાહ વિધિ નથી. સ્મૃતિકારો ગાન્ધર્વ વિવાહ (લવ મેરેજ) પછી પણ વિવાહ વિધિ કરી દેવી. પરંતુ આધુનિક સમયમાં વિવાહ વિધિની આવશ્યકતા યુવક-યુવતીઓ સમજતા નથી અને પછી તેમાંથી ઉભી થતી અનેક સમસ્યાઓથી આખી જીંદગી પીડાય છે. તેમાં કેટલીક વાર કારણભૂત છે – વિવાહ વિધિની સાચી સમજણનો અભાવ. અત્યારે પ્રાયઃ કર્મકાંડ કરનાર-વિવાહ વિધિ કરનાર પુરોહિત વિવાહના મહત્વને સમજાવતાં નથી. અર્થાત્ સંસ્કારોની સાચી સમજ નથી અને તેથી સંસ્કારોથી દૂર રહે છે. એટલે કે અત્યારની હિન્દુ સંસ્કૃતિની સંસ્કારિતાની પડતીના ભણકારા છે. આર્ય સમાજ જેવી સંસ્થાઓનો સતત પ્રયાસ છે કે વેદના વિચારો-સંસ્કારો પ્રમાણે માનવીનું જીવન ઘડાય.

આપણે અહીં વૈદિક વિવાહ **સંસ્કાર** વિશે જોઇએ.

### વૈદિક-વિવાહઃ-

ગૃહસ્થાશ્રમ બધા આશ્રમોમાં મુખ્ય અને શ્રેષ્ઠ છે. આ આશ્રમનો પ્રારમ્ભ વિવાહ સંસ્કારથી થાય છે.

**વિવાહ એટલે શું ? :-** વૈદિક વિવાહ એક ઉચ્ચ કોટિનો ધાર્મિક સમ્બન્ધ છે. 'વિવાહ' શબ્દ બે શબ્દો મળીને બન્યો છે. 'વિ' અને 'વાહ'. 'વિ' વિશેષતાનો પરિચાયક છે. 'વાહ' નો અર્થ છે – યાન-વાહન. વિવાહ એક એવું ગાડું છે જેમાં, સ્ત્રી અને પુરુષ બે પૈડા જેવા છે. જેમાં પૂર્ણ સામ્ય, સંગતિ અને સદ્ગતિ હોવા આવશ્યક છે. બીજા શબ્દોમાં કહીએ તો "જ્યારે બે પ્રાણી પ્રેમપૂર્વક આકર્ષિત થઈને પોતાના આત્મા, હૃદય અને શરીરને એક-બીજાને સમર્પિત કરી દે છે ત્યારે આપણે એને સાંસારિક ભાષામાં વિવાહ કહી શકીએ."

વિવાહનો એક અર્થ એવો પણ છે કે ગૃહસ્થના ઉત્તરદાયિત્વને 'વિ' વિશેષ રૂપે 'વાહ' વહન કરવા. વિવાહના બીજા અર્થ પણ છે – 'લઈ જવું' અને 'પ્રયત્ન કરવો'. તાત્પર્ય એ કે વિવાહ એ ક્રિયાનું નામ છે જેના દ્વારા સ્ત્રી-પુરુષને વિશેષ રીતિએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવાય છે અથવા એના માટે વિશેષ પ્રયત્ન કરવામાં આવે છે.

**વિવાહ સંસ્કાર**:- ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનું નામ 'વિવાહ-સંસ્કાર' છે. આપણા શાસ્ત્રો પ્રમાણે વિવાહ-સંસ્કાર એક અત્યન્ત પવિત્ર અને મહત્વપૂર્ણ સંસ્કાર છે.

મનુષ્યે વહેંચીને જમવાનું છે. એણે '**तेन त्यक्तेन भुंञ्जीथाः**' = સંસારના પદાર્થોનો ત્યાગપૂર્વક ઉપભોગ કરો આ આદર્શને જીવનમાં ચરિતાર્થ કરવાનો છે. ઋગ્વેદ 10-117-6માં કહ્યું છે – **केवलाघो भवति केवलादी** = એકલો ખાવા વાળો તો પાપ જ ખાય છે. કોશમાં કહ્યું છે - "**अपञ्चयज्ञो मलिम्लुचः**" = યજ્ઞ ન કરીને બધું એકલા જ ખાઈ જનારા મનુષ્ય ચોર છે. મનુષ્યને કોઈપણ ભોગ્ય પદાર્થ માત્ર એના એકલાના જ પ્રયત્નોથી નથી મળતા. એટલે બીજાની સહાયતાથી મળનારા ભોગોને વહેંચીને ખાવામાં જ ધર્મ છે. પ્રત્યેક મનુષ્યની ભાવના હોવી જોઈએ કે '**भूतेभ्यस्त्वा परिगृह्णामि**' (आश्व. गृ. १।२४।१५) હું માત્ર મારા માટે જ નહીં અપિતુ પ્રાણીમાત્રના હિત માટે તારો સ્વીકાર કરું છું.

**ગોદાન**:- મધુપર્ક-પ્રાશન પછી ગોદાનની વિધિ થાય છે. ગાય ભારતીય સંસ્કૃતિની સૂચક છે. ગાય નહીં તો ઘર નહીં. આ ગાય એટલા માટે આપવામાં આવે છે કે જેથી દૂધાદિ પદાર્થોનું સેવન કરીને ઘરના બધા સદસ્યો નિરોગ અને સ્વસ્થ રહી શકે. વિવાહ અવસરે 'ગૌદાન'નું વિધાન કરીને ઋષિ-મુનિઓએ ગૌરક્ષાનો અમોઘ ઉપાય શોધ્યો છે.

**કન્યાદાન**:- ગોદાનની વિધિ પછી કન્યાના પિતા ગોત્રોચ્ચાર પૂર્વક પોતાની કન્યાનો જમણો હાથ વરના જમણા હાથમાં સોંપે છે. આ ક્રિયાને 'કન્યાદાન' કહે છે,' વાસ્તવમાં આ કન્યાનું સ્વીકરણ છે. અહીં પિતા કન્યાને જે અલંકારાદિ આપે છે, એ 'સ્ત્રીધન' કહેવાય છે. સંસાર-યાત્રામાં ક્યારેક સંકટ આવી પડે તો આ ધન સહાયક થઈ પડે છે. આ રૂપમાં પિતા પોતાની સમ્પત્તિનો એક ભાગ પોતાની પુત્રીને આપે છે – કે જે બીજા સ્વરૂપમાં એને નથી મળતો.

અનેક વિદ્વાનો શંકા કરે છે કે કન્યાનું દાન ન થઈ શકે. આ પ્રશ્નનો ઉત્તર પારસ્કર ગૃહ્યસૂત્રના કર્ક-ભાષ્યમાં આપતા કહ્યું છે કે વાસ્તવિક દાન સ્વત્વ-ત્યાગપૂર્વક કહેવાય છે, પરન્તુ કન્યા પણ પરસ્વત્વ ન થઈ શકે, કારણ કે વિવાહ પછી પણ 'મમેયં કન્યા' = આ મારી પુત્રી છે – એવો વ્યવહાર થાય છે. આવી જ રીતે જ્યાં પુત્ર-દાન કહ્યું છે ત્યાં પણ ગૌણ દાન જ સમજવું જોઈએ. વિવાહ-સંસ્કારના મન્ત્રોનો અર્થ અને વિધિઓનું રહસ્ય અત્યન્ત વૈજ્ઞાનિક છે. શ્રીમતિ એની બૈસન્ટે વૈદિક-વિવાહ-સંસ્કારના વિષયમાં યોગ્ય જ કહ્યું છે - "Nowhere in the whole world, nowhere in any religion, a nobler, a beautiful, a more perfect ideal of marriage than you can find in the early writings of the Hindus." - Annie Besant

અર્થાત્ ભૂમંડળના કોઈપણ દેશમાં, સંસારની કોઈ પણ જાતિમાં, કોઈપણ ધર્મમાં વિવાહનું મહત્ત્વ આટલું ગમ્ભીર અને પવિત્ર નથી જેટલું આર્ષ ગ્રન્થોમાં જોવા મળે છે.

વિવાહ સંસ્કાર વિશેની સમજ મેળવ્યા પછી આપણે દાનના મહિમા વિશે જાણીએ.

આગળ દાનની વાત કરી છે પણ તેમાં વિશેષ ઉમેરીએ તો ઋગ્વેદ મંડળ ૧૦.૧૧૭ (દાનસ્તુતિ) માં ઋષિ કહે છે કે- દાન આપવા માટે બે કારણો છે. એક, વ્યવહારિક દૃષ્ટિએ વિચારીએ તો તમે જો ધનનું અને અન્નનું દાન કરશો તો તમે બીજા કોઇકની સહાનુભૂતિ મેળવો અને એવા દાન લેનારા વ્યક્તિઓ ભવિષ્યમાં તમને જરૂર પડશે ત્યારે મદદ કરશે.વળી, દાન આપીને તમે નવા સખાઓ મેળવો અને દેવોની કૃપા પણ તમારા પર ઉતરશે. બીજું તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો ધન ક્યાંય સ્થિર રહેતું નથી. તે એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે જતું રહે છે. આથી તમારા હાથમાં હોય ત્યાં સુધી દાન કરી લેવું. વળી તેઓ કહે છે કે- માણસ કેવળ ભૂખથી મરે છે તેવું નથી. બહુ ખાનારને પણ મૃત્યુ  આવે છે. અન્નને વહેંચીને જ ખાવું જોઇએ. એકલો ખાનારો કેવળ પાપી જ છે.

આ દાન કોને આપી શકાય  એવું વિચારીએ તો સામાન્યતઃ દરિદ્ર, ભૂખ્યાજન, રોગી, અશક્ત, નિરાધાર વૃદ્ધ, પોતાનો જીવન નિર્વાહ ચલાવવામાં અસમર્થ વગેરેને દાન અપાય. છતાંય ભારતીય સંસ્કૃતિમાં કન્યાદાનને મહા દાન માનવામાં આવે છે. કન્યાદાનને બે રીતે જોઇ શકીએ. વિવાહમાં કન્યારૂપે અપાતું દાન અને કન્યાને આપવામાં આવતું દાન.

કન્યાદાન આપતા પહેલા પુરોહિત કન્યાનાં માતા-પિતાને કન્યાદાનનો સંકલ્પ કરાવે છે. ઘરની લક્ષ્મી જેવી કન્યા અન્ય ઘરની મહાલક્ષ્મી બને છે. આ સંકલ્પ વખતે કન્યાના પિતા વતીથી નીચેના શ્લોક ગવાય છે.

इमां कनकसंपन्नां कन्याभरणैर्युताम् ।
दास्यामि ब्रह्मणे तुभ्यं ब्रह्मलोकजीगीषया ।।

સુવર્ણ સમાન આ સુવર્ણના અલંકારો થી શણગારાયેલી કન્યા હું આપને વિષ્ણુ જાણીને બ્રહ્મલોક મેળવવાની ઇચ્છાથી આપું છું.

विश्वंभरं सर्वभूताः साक्षिण्यः सर्वदेवता ।
इमां कन्यां प्रदास्यामि पितृणां तारणाय च ।।

આખા વિશ્વનું ભરણપોષણ કરનાર ભગવાન તથા પ્રાણીમાત્ર અને સર્વદેવોની સાક્ષીમાં હું આપને આ કન્યાનું દાન કરૂં છું. આ દાન હું મારા સઘળા પિતૃઓના કલ્યાણ માટે કરૂં છું.

અહીં આપણે જોઇ શકીએ છીએ કે બ્રહ્મલોક અને પિતૃઓના કલ્યાણ માટે કન્યાદાનનો મહિમા છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પુત્ર દ્વારા જ પિતૃઓનું કલ્યાણ થાય છે. કન્યાના દાન દ્વારા જ બ્રહ્મલોકની પ્રાપ્તિ થઇ શકતી હોય તો તેનાથી વિશેષ દાનનો મહિમા શું હોઇ શકે  તેથી જ કહેવાય છે કે જેણે કન્યાદાન નથી કર્યું તેનો અવતાર એળે જાય છે. આના કારણે જેને દીકરી હોતી નથી તે બીજાની દીકરીનું કન્યાદાન કરે છે.  ઘણા એવા સજ્જનો છે કે જે ગરીબ હોય,પોતાની દીકરીના લગ્ન ન કરી તેવાઓની દીકરીને પોતાની દીકરી માનીને કન્યાદાન કરે છે અને તેના લગ્નનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવે છે. આનાથી જ સમજી શકાય કે કન્યાદાનનું કેટલું મહત્ત્વ છે.

વિવાહ વિધિમાં કન્યાનાં માતાપિતા કન્યાની જવાબદારી વરને સોંપે છે ત્યારે પિતા વરને કહે છે :

धर्मे च अर्थे च कामे च त्वया इयं न अतिचरितव्या । ધર્મ, અર્થ કે કામની પૂર્તિ માટે ક્યારેય આ કન્યાનું ઉલ્લંઘન કરશો નહિ. વરરાજા કહે છે- नातिचरिष्यामि । કન્યાની માતા પણ પોતાની સંમતિ આપતાં કહે છે. मयाऽपि दत्ता । મેં પણ તમને આપી. કન્યાનો આનંદપૂર્વક સ્વીકાર કરતા વરરાજા કહે છે. प्रतिगृह्णामि। स्वस्ति । હું તમારી કન્યાની જવાબદારીનો સ્વીકાર કરું છું. સૌનું કલ્યાણ થાઓ.

પછી કન્યાનાં માતા-પિતા ગૌદાન કરે છે.વિવાહ સંસ્કારમાં ગૌમાતાના દાનનો ખુબ જ મહિમા છે. ગૌમાતા અને કન્યાને કદી વેચાય નહીં. એમનું તો દાન જ કરાય. ગૌદાનથી બન્ને પક્ષનાં પાપ નાશ પામે છે. ગાયના મૂલ્યનું દ્રવ્ય આપીને પણ આ વિધિ થાય છે. કન્યાનાં માતા-પિતા વરરાજાને ગૌદાન કરે ત્યારે પુરોહિત બોલે છે.

वसुनां दुहिता माता रुद्राणां भास्कर स्वसा ।
ब्रविमि गां मा वधिष्ठ जनाय चेतना वृते ।।

હે ગૌમાતા ! તું રુદ્ર- દેવોની માતા, વસુદેવોની કન્યા, આદિત્ય દેવોની બહેન અને અમૃતનું ઉત્પત્તિસ્થાન છે. હું જ્ઞાની જનોને કહું છું કે જે હત્યા કરવા યોગ્ય નથી અને નિષ્પાપ છે એવી ગાયનું સદાય રક્ષણ કરો.

કન્યાદાન થયાં પછી કન્યાને આપવામાં આવતા દાનમાં ગાયનું દાન છે. વિવાહ વિધિના અન્તે સગા-સંબંધીઓ, મિત્રો, સહૃદયો વગેરે કન્યાને અલંકાર, વાહન , જીવન જરૂરી સાધન-સામગ્રી તથા ધન આદિ દાન સ્વરૂપે આપે છે. અહીં કન્યાને આ દાન આપીને તેઓ પુણ્યાર્જન  પ્રાપ્ત કરે છે. આનાથી સામાજિક સંબંધોમાં ઘનિષ્ઠતા આવે છે, એક-બીજા પ્રત્યેનો સ્નેહ વધે છે. અર્થાત્ દાનની ક્રિયા દ્વારા પારિવારિક ભાવના- वसुधैव कुटुम्बकम् ।ની ભાવના ચરિતાર્થ થાય છે.

કન્યાના લગ્ન સમયે તો દાન અપાય છે પરંતુ તેના જીયાણામાં પણ તેને વસ્ત્રાભૂષણનું દાન આપે છે. કેટલાક સમાજોમાં તો દીકરીના મૃત્યુ સુધીના વસ્ત્રો દાન સ્વરૂપે આપવામાં આવે છે. સમાજમાં એ ભાવના આજે પણ જોવા મળે છે કે કોઇ પણ પુણ્ય મેળવવાનું કામ હોય કે કોઇ પણ પ્રસંગ હોય તો સમગ્ર ગામની દીકરીઓને જમાડવામાં આવે છે અને પછી તેમને દાન સ્વરૂપે કંઇક ભેટ આપવામાં આવે છે.

આમ દાન દ્વારા બ્રહ્મલોકની પ્રાપ્તિ, પિતૃઓનું કલ્યાણ, સામાજિક સંબંધોમાં ઘનિષ્ઠતા, પારિવારિક પ્રેમ વગેરે મળે છે. તે જ દાનનો મહિમા છે.